પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૫૨ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૬-૦૬-૨૦૨૩ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## વાવાઝોડુ બિપરજોયને કારણે વિનાશક અસર, ક્યાંક ટાવર તુટ્યો તો ક્યાંક ઝાડ,ભારે વરસાદ, દરિયાનું પાણી માર્ગો પર

ગાંધીનગર,

ચક્રવાત બિપરજોયની લેન્ડપોલની પ્રક્રિયા શરૂ થતાં જ ગુજરાતના દરિયાકાંઠાના જિલ્લાઓમાં ભારે પવન સાથે ભારે વરસાદ ચાલુ થઈ ગયો હતો જો કે લોકોને બિપરજોય વાવાઝોડાની વિનાશક અસર પામનાર સંભવિત ભયજનક સ્થળોએથી સલામચ સ્થળે ખસેડવામાં આવ્યા છે.ગુજરાતના અનેક જિલ્લાઓમાં ૫૦ કિલોમીટર પ્રતિ કલાકથી વધુની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. કચ્છાનાં ઘણાં મકાનો ધરાશાયી થયાં હોવાના સમાચાર સામે આવી રહ્યાં છે, જ્યાં વાવાઝોડાનો સૌથી વધુ ખતરો તોળાઈ રહ્યો છે તે દરેક જગ્યાએ સેના અને દ્રદ્ધઈહ્વના જવાનો તૈનાત છે. જણાવવામાં આવી રહ્યું છે કે ઘણા વિસ્તારોમાં દરિયાનું પાણી ઘૂસી ગયું છે. ગુજરાતના અનેક જિલ્લાઓમાં અત્યાર સુધી અપાયેલ ઓરેન્જ એલર્ટ હવે રેડ એલર્ટમાં ફેરવાઈ ગયું છે.માંડવીમાં સાવચેતીના ભાગ રૂપે વીજળી પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો.


દ્વારકામાં જોરદાર વાવાઝોડાને કારણે મોબાઈલ ટાવર પડી ગયો છે. સાથે સાથે કચ્છમાં અનેક મકાનો પણ તુટી ગયા છે. હવે દ્વારકામાં પવન જોર પકડવા લાગ્યો છે. અહીં નાગેશ્વર મંદિરની બહાર વાવેલ વૃક્ષ પડી ગયું છે. અન્ય સ્થળોએ પણ અનેક વૃક્ષો ધરાશાયી થયાના સમાચાર છે. આ સાથે જ દ્વારકાધીશ મંદિરના શિખર પરની ધજા ભારે પવનને કારણે ગઈકાલે જ ખંડિત થઈ ગઈ હતી. વાવાઝોડુ ટકરાવા પહેલા જ અહીં નુકસાન થઈ રહ્યું છે. હાલ ઓખા અને માંડવીમાં ભારે વરસાદ પડી રહ્યો છે. માંડવીના બંદરને ખાલી કરાવવામાં આવ્યું છે.

દ્વારકાથી ૧૦ કિલોમીટર દૂર આવેલા બરડીયા ગામમાં ભારે પવનને કારણે કેટલાક વીજ થાંભલા પડી ગયા હોવાના સમાચાર સામે આવી રહ્યાં છે.



જખૌ પ્રશાસનના જણાવ્યા અનુસાર, થોડા સમય પછી ગમે ત્યારે જખૌ બંદર પર લેન્ડફોલ થઈ શકે છે. વાવાઝોડું કચ્છમાં પણ ભારે વિનાશ સર્જી શકે છે. કચ્છના ૧૨૦ ગામોને સંપૂર્ણપણે ખાલી કરાવવામાં આવ્યા છે.

આ દરમિયાન કચ્છ જિલ્લામાં ભારે પવન સાથે વરસાદ શરૂ થયો છે. ખાસ કરીને કચ્છના દદરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાઈ રહ્યો છે. કચ્છ જિલ્લામાં બિપરજોય વાવાઝોડાની ભારે અસર વર્તાઈ રહી છે. કચ્છના માંડવી, નલિયા, જખૌ, મુન્દ્રા સહિતના પંથકમાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો છે.નલિયા આસપાસના વિસ્તારોની પવન ચક્કીઓ બંધ કરવામાં આવી છે. આ તરફ વાવાઝોડાને લઈને લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. જોખમી વિસ્તારોમાંથી કુલ ૪૯ હજાર ૫૩ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે.



આ સાથે વાવાઝોડાની આફત વચ્ચે નલિયામાં માનવતા મહેકી ઉઠી છે. નલિયા ખાતે સ્થળાંતર કરાયેલા આશરે ૩ હજાર લોકો માટે વેપારી એસોસિએશન દ્વારા ભોજન વ્યવસ્થા કરવામાં આવી છે. બિપોરજોય વાવાઝોડાને લઈ કચ્છ જિલ્લામાં ભારે પવન સાથે વરસાદ શરૂ થઈ ગયો છે. માંડવી અને નલિયામાં ભારે પવન સાથે વરસાદ વર્શ્રી રહ્યો છે. આ તરફ ભારે પવન ફૂંકાતા વૃક્ષો અને વિજપોલ ધરાશાયી થયા છે.

કચ્છમાં વાવાઝોડાની આફત સામે માનવતા મહેકી હોવાની ઘટના સામે આવી છે. વાત જાણે એમ છે કે, નલિયા ખાતે સ્થળાંતર કરાયેલ લોકો માટે ભોજન વ્યવસ્થા કરાઈ છે. સેલ્ટર હોમ ખાતે રોકાયેલ લોકો માટે ભોજન પીરસાયા છે. વિગતો મુજબ નલિયા વેપારી એસોસિએશન દ્વારા ૩ હજાર સ્થળાંતરિત લોકો માટે ભોજન વ્યવસ્થા કરવામાં આવી છે.

ઉત્તર ગુજરાતના પાટણ જિલ્લામાં પણ બિપોરજોય વાવાઝોડાની અસર શરૂ થઈ છે. રાધનપુરમાં બિપોરજોય વાવાઝોડાની અસર વર્તાઈ રહી છે. જેને લઈ ભારે પવન સાથે વરસાદની શરૂઆત થઈ છે. આ તરફ તોફાની વરસાદમાં અનેક જગ્યાએ લીંબડાના ઝાડ જમીન દોસ્ત થયા છે. કચ્છના જખૌમાં વાવાઝોડાની અતિસય ભારે અસર વર્તાઈ રહી છે. જખૌમાં વહેલી સવારથી ફૂલ ભારે પવન ફૂંકાઈ રહ્યો છે. ભારે પવનથી પોર્ટ વિસ્તારમાં વીજ પોલ ધરાશાયી થયા છે. જેના કારણે જખૌ અને નલિયાના ગ્રામ્ય વિસ્તારમાં વીજ પુરવઠો બંધ કરાયો છે. મીઠું પકવતા વિસ્તારમાં પણ પાણી ભરાયા છે. બિપરજોય વાવાઝોડાને લઈને ટ્રકોના પૈડા થંભી ગયા છે. મુંન્દ્રા, કંડલા પોર્ટ અને લિગ્નાઈટ ઉદ્યોગ બંધ હોવાથી ટ્રકોના પૈડા થંભ્યા છે. ૧૬ તારીખ સુધી ટ્રકો નહીં દોડાવવાનો ટ્રક માલિકોએ નિર્ણય લીધો છે.વાવાઝોડાના કારણે કચ્છના દરિયાકાંઠા વિસ્તારના ગામો સજ્જડ બંધ જોવા મળી રહ્યા છે. પશ્ચિમ કચ્છનું નખત્રાણા ગામ સજ્જડ બંધ જોવા મળી રહ્યું છે. ગામના રોડ-રસ્તા દુકાનો બંધ જોવા મળી છે. લોકો પણ ઘરમાં જ રહીને વહીવટી તંત્રને સાથ અને સહકાર આપી રહ્યા છે. કચ્છમાં પ્રિ-સાયક્લોનિક અસર દેખાવાની શરૂ થઈ ચૂકી છે. વહેલી સવારથી કચ્છના તમામ વિસ્તારોમાં ભારે ફૂંકાઈ રહ્યા છે. વાવાઝોડાના કારણે પરિસ્થિતિ વધુ ખરાબ થાય તેવી શક્યતા છે. માંડવીમાં પણ દરિયાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. કચ્છના પિંગલેશ્વર પાસે દરિયો ગાંડોતૂર બન્યો છે. પિંગલેશ્વર પાસે દરિયોમાં ઊંચા મોજા ઉછળી રહ્યા છે. દરિયો ગાંડોતૂર થતા વિન્ડ મિલની દીવાલ ધરાશાયી થઈ છે. દીવાલ ધરાશાયી થતા મિલની અંદર પાણી ઘૂસ્યા છે.

## મણિપુરમાં ફરી હિંસા ભડકી, બેકાબૂ ટોળાએ કેબિનેટ મંત્રીના સરકારી નિવાસસ્થાનને સળગાવ્યું

ઈમ્ફાલ,

મણિપુરના ઈમ્ફાલ પશ્ચિમમાં મંત્રી નેમચા કિપગેનના નિવાસસ્થાને આગ લગાડવામાં આવી હતી. બદમાશોએ મંત્રી નેમચા કિપગેનના સત્તાવાર નિવાસસ્થાનને સળગાવી દીધું. સૂત્રોના જણાવ્યા અનુસાર આ ઘટના બુધવારે સાંજે લગભગ ૬.૩૦ વાગ્યે બની હતી. આપને જણાવી દઈએ કે મણિપુરમાં ફાટી નીકળેલી તાજેતરની હિંસામાં, મંગળવારે કાંગપોકપી જિલ્લાના ખામેનલોક વિસ્તારના એક ગામમાં બદમાશોએ હુમલો કરતા ઓછામાં ઓછા ૯ લોકો માર્યા ગયા અને ૯ લોકો ઘાયલ થયા. હિંસા પ્રભાવિત પૂર્વોત્તર રાજ્યમાં સ્થિતિ તંગ છે. કાયદો અને વ્યવસ્થા બચાવવા માટે સુરક્ષાકર્મીઓ સતત પેટ્રોલિંગ કરી રહ્યા છે. દરમિયાન, છેલ્લા ૨૪ કલાકમાં તેંગનોપલ અને ઈમ્ફાલ પૂર્વ જિલ્લાઓમાંથી હથિયારો અને ૬૩ દારૂગોળો જપ્ત કરવામાં આવ્યો છે.

મણિપુરના સુરક્ષા સલાહકાર કુલદીપ સિંહના જણાવ્યા અનુસાર અત્યાર સુધીમાં કુલ ૧,૦૪૦ હથિયારો, ૧૩,૬૦૧ દારૂગોળો અને ૨૩૦ પ્રકારના બોમ્બ મળી આવ્યા છે. દરમિયાન, જિલ્લા સત્તાવાળાઓએ કર્ફ્યુમાં છૂટછાટના કલાકો ઘટાડીને ઈમ્ફાલ પૂર્વ જિલ્લામાં સવારે ૫ વાગ્યાથી સવારે ૯ વાગ્યા સુધી અને ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લામાં સવારે ૫ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી કર્યા છે. મણિપુરના ૧૬માંથી ૧૧ જિલ્લામાં કર્ફ્યુ લાગુ છે, જ્યારે સમગ્ર ઉત્તરપૂર્વીય રાજ્યમાં ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત છે.

ઈમ્ફાલ પૂર્વના ખાનલોક ગામમાં નવ લોકોની ગોળી મારીને હત્યા કરવામાં આવી તેના કલાકો પહેલાં, હિંસક ટોળાએ ખમેનલોક અને ગોવાજુંગ વચ્ચેના આઠ ગામોને આગ ચાંપી દીધી હતી, જ્યારે વૃદ્ધ મહિલાઓની આગેવાની હેઠળ ૬૦૦ લોકોના જૂથે રસ્તો રોક્યો હતો. આ બાબતથી માહિતગાર સુરક્ષા અધિકારીઓએ જણાવ્યું હતું કે તેઓ રાજ્યના સુરક્ષા સલાહકાર કુદીપ સિંઘને ઘટના અહેવાલ સુપરત કરશે કે મંગળવારની આગચંપી, મૃત્યુ અને માર્ગ બ્લોક કરવાની ઘટનાઓ પૂર્વયોજિત હોઈ શકે છે કારણ કે જૂથે ચાનુંગમાં એક માર્ગ અવરોધિત કર્યો હતો.

સુરક્ષા અધિકારીઓએ જણાવ્યું હતું કે સુરક્ષા દળોને મંગળવારે સાંજે આઠ ગામોમાં આગ લગાડવાની માહિતી મળી હોવા છતાં, ભારતીય સેના અને આસામ રાઈફલ્સના ૨૦૦ થી ૨૫૦ જવાનોની ટીમ ઘટનાસ્થળે પહોંચી શકી નથી. જણાવવામાં આવી રહ્યું છે કે મંગળવારે સાંજે ખમેનલોકમાં ૫૦૦-૬૦૦ લોકોના ટોળાએ ગામોને સળગાવી દીધાના અહેવાલો બાદ આસામ રાઈફલ્સ અને સેનાના વધારાના જવાનોને વિસ્તારમાં જવાનો આદેશ આપવામાં આવ્યો હતો.પરંતુ કાંગપોકપી જિલ્લાની ટીમો, તરેટખુલથી લગભગ ૫૦ કિમી દૂર, ખમેનલોકના પ્રવેશદ્વાર, ચાનુંગ ખાતે રોકાઈ હતી. લગભગ ૬૦૦ મહિલાઓનું ટોળું, જેમાં મોટાભાગની વૃદ્ધ મહિલાઓ હતી, સામે લાઈન લગાવી દીધી હતી અને રસ્તો બંધ કરી દીધો હતો, તેથી સુરક્ષા દળો તે જગ્યાએ પ્રવેશવામાં અસમર્થ હતા.

## રાજ્યના ૧૧૫ તાલુકામાં વરસાદ વરસ્યો, રાજ્યના સંખ્યાબંધ સ્થળો પર ભારે પવન સાથે વરસાદ વરસવાની આગાહી

અમદાવાદ,

ગુજરાતના દરિયાકાંઠે વાવાઝોડા બિપરજોયનું સકંટ યથાવત છે અને આજે બપોર બાદ જખૌના દરિયાકાંઠે ત્રાટકવાની સંભાવના છે ત્યારે રાજ્યના અનેક વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો. રાજ્યના ૧૧૫ તાલુકામાં વરસાદ પડ્યો છે જેમા સૌથી વધુ જૂનાગઢના વિસાવદરમાં ૨ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. આ સાથે કેશોદમાં પોણા ૨ ઈંચ, ધ્રોલમાં દોઢ ઈંચ, ભુજમાં અને અમરેલીના લીલીયામાં દોઢ ઈંચ જ્યારે કચ્છના અંજારમાં સવા ઈંચ વરસાદ તેમજ ખાંભાના કલ્યાણપૂ, જામકંડોરણામાં એક વરસાદ પડ્યો હતો. આ ઉપરાંત માંગરોળ, વંથલી, કાલાવડ અને બગસરામાં પણ પોણો ઈંચ વરસાદ પડ્યો હતો. સૌરાષ્ટ્રના અનેક વિસ્તારમાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યુ હતું. હવામાન વિભાગની આગાહી મુજબ અનેક વિસ્તારોમાં ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે પવનની ગતિમાં વધારો જોવા મળી શકે છે. આજે ૧૨૫-૧૩૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાય શકે તેવી સંભાવના છે. વાવાઝોડું બિપરજોય આજે ગુજરાતના દરિયાકાંઠે ત્રાટકવાનું છે ત્યારે હવામાન વિભાગે રાજ્યના અનેક જિલ્લામાં વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અનેક જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે અને આગામી ત્રણ કલાકમાં સાબરકાંઠા, મહેસાણા, ગાંધીનગર, ખેરા, અરવલ્લી, મહિસાગર, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, વડોદરા, આણંદ, ભરૂચ, નર્મદા, તાપી, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, દાદર અને નગર હવેલીમાં વરસાદની આગાહી છે. વાવાઝોડાને પગલે અનેક વિસ્તારમાં વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે અને અમદાવાદ સહિત અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ સર્જાયો છે.

## CBIએ તમિલનાડુમાં તપાસ કરવા હવે પરવાનગી લેવી પડશે

ચેન્નાઈ,

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશનને આપવામાં આવેલો સામાન્ય અધિકાર તામિલનાડુ સરકારે પાછો ખેંચ્યો છે. હવે રાજ્યમાં કોઈ પણ પ્રકારની તપાસ કરવા માટે સેન્ટ્રલ એજન્સી એટલે કે સીબીઆઈએ પ્રથમ તામિલનાડુ સરકારની પરવાનગી લેવાની રહેશે. ઉલ્લેખનીય છે કે સીબીઆઈનો સામાન્ય અધિકાર પાછો ખેંચનારું તમિલનાડુ સાતમું રાજ્ય છે. અગાઉ પશ્ચિમબંગાળ, રાજસ્થાન, કેરળ, મિઝોરમ, પંજાબ અને તેલંગણાએ સીબીઆઈને આપવામાં આવેલો સામાન્ય અધિકાર પરત ખેંચ્યો હતો.વિપક્ષો દ્વારા છેલ્લા ઘણા સમયથી કેન્દ્ર સીબીઆઈનો દૂરઉપયોગ કરી રહ્યું હોવાના આક્ષેપ લગાવવામાં આવી રહ્યાં છે.

બાલાજી તમિલનાડુમાં મુખ્યમંત્રી એમકે સ્ટલિનની સરકારમાં કેન્દ્રીય એજન્સીની આ પ્રકારની કાર્યવાહીનો સામનો કરનાર પ્રથમ મંત્રી છે. મુખ્યમંત્રી સ્ટલિને આ મામલા પર કહ્યું કે જ્યારે બાલાજીએ તપાસમાં સંપૂર્ણ સહયોગ માટેનું આશ્વાસન આપ્યું છે તો લાંબી પૂછપરછની શું જરૂર છે. તેમણે કહ્યું કે શું ઈડીની આ પ્રકારની અમાનવીય કાર્યવાહી યોગ્ય છે. બાલાજી ૨૦૧૪-૧૫માં ગુનાના સમયે અન્નાદ્રમુકમાં હતા અને તે સમયે ટ્રાન્સપોર્ટ મંત્રી હતા.

## જમ્મુ-કાશ્મીરમાં એક જ દિવસમાં ભૂકંપના પાંચ આંચકા આવતાં લોકો ભયભીત

જમ્મુ,

જમ્મુ-કાશ્મીરના ડોડા જિલ્લામાં ૫.૪ તીવ્રતાના ભૂકંપના ઝાટકા પછી જમ્મુ ક્ષેત્રમાં મંગળવાર અને બુધવારે પાંચ ઝાટકા અનુભવાયા છે, જેના કારણે સ્થાનિક લોકોમા ભય ફેલાયો છે.ભૂકંપના તાજા ઝાટકાના કારણે વહીવટીતંત્રે ડોડા અને કિશ્તવાડ જિલ્લામાં શૈક્ષણિક સંસ્થા બંધ કરવાની જાહેરાત કરી છે.

જોકે, અધિકારીઓએ કહ્યુ કે, આ ભૂકંપથી જાનહાનીના કોઈ અહેવાલ નથી. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્ર(એનસીએસ)ના કહેવા અનુસાર કિશ્તવાડમાં બુધવારે સવારે ૮-૨૯ કલાકે ૩.૩ તીવ્રતાનો ભૂકંપ આવ્યો, જેનું કેન્દ્રબિંદુ ધરતીથી પાંચ કિલોમીટર ઊંડાઈમાં હતું. એનસીએસ દ્વારા અપાયેલા આંકડા અનુસાર, આ પહેલા ડોડામાં સવારે ૭-૫૬ કલાકે ૩.૫ તીવ્રતાના ભૂકંપના ઝાટકા અનુભવાયા હતા. આ ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૧૦ કિલોમીટર ઉંડાઈએ હતું.

મંગળવારે રાત્રે પણ ભૂકંપના બે આંચકા આવ્યા હતા. ભદ્રવાહના એડીશનલ ડેપ્યુટી કમિશનર દિલમીર ચૌધરીએ જણાવ્યું કે જિલ્લા મેજીસ્ટ્રેટે વાલીઓની ચિંતા તથા વિદ્યાર્થીઓની સુરક્ષાને જોતા તમામ શાળા-કોલેજો બંધ કરવાનો આદેશ આપ્યો છે. આ સાથે જિલ્લા કલેક્ટરે લોકોને અપીલ કરી એ ડરે નહીં, કારણ કે હજુ પરિસ્થિતિ બગડી શકે છે. તેમણે લોકોને ભયભીત થયા સિવાય કોઈ પણ અપ્રિય ઘટનાને રોકવાને માટે સલામતીના પગલાં ભરવાની સલાહ આપી છે.




અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
એમ.એ. જરગાલ
તરફથી અભીનંદન....
મુ. બાકરોલ,
તા. કાલોલ,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
એમ.ઓ. શેઠ
તરફથી અભીનંદન....
મુ. મલાવ,
તા. કાલોલ,
જી. પંચમહાલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# બાલાસિનોર ડમ્પિંગ સાઈડ પર તંત્રની તપાસ બાદ પણ ખનીજની ચોરી



બાલાસીનોર, બાલાસિનોર તાલુકાનો સળગતો પ્રશ્ન વેસ્ટ કેમિકલ ડમ્પીંગ સાઈટ માટી ખનન માટે બોડોલી ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા લેખિત રજૂઆત કરતા મામલતદાર ટીમ પહોંચતા પહેલા ખાણ ખનીજ ટીમ પહોંચીને એક જેસીબી અને ટ્રકને સીલ કરી દેવામાં આવ્યું હતું. વધુ કાર્યવાહી હાથ ધરાઈ હતી પરંતુ બે દિવસ બાદ તે જ જગ્યાએ બે રોકટોક માટી ખનન કરવામાં આવતા અનેક પ્રશ્નો ઉભો થઈ રહ્યા છે. બાલાસિનોર બોડેલી ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલા જમિયતપુરા ખાતે મેસસે મોયો વેસ્ટ વેસ્ટ કેમિકલ પ્રાઈવેટ લિમિટેડ કંપનીની ડમ્પીંગ સાઈડ અનેક વખત ભારે વિવાદમાં આવી છે.

જે ફરી એક વખત માટીના ખનનને લઈ વાત કર્યો છે. જે અંગે અરજી કરતાં મામલતદાર દ્વારા તપાસ સર્કલ ઓફિસરની સોંપવામાં આવ્યો છે, પરંતુ ખાણ ખનીજ ટીમ દ્વારા મામલતદાર કચેરીના કર્મચારી પહોંચે તે પહેલા ખાણ ખનીજ ટીમ ત્રાટકી હતી. જેમાં માટી ખોદકામ કરતાં જેસીબી અને ડમ્પીંગ સાઈડ માટી ખોદકામ કરતાં જેસીબી અને ડમ્પીંગ સાઈડ માટી લઈ જતો ટ્રક ખનીજ સીઝ કરી જતો ટ્રક ડમ્પીંગ સાઈડમાં મૂકવામાં આવ્યા હતા અને રોજ કામ કરી કેસ કરવાની તજવીજ હાથ ધરી હતી. કેસ કરતા પહેલા ફરીવાર એક હિટાચી સાથે પાંચ ટ્રકો દ્વારા માટી ડમ્પિંગ સાઈડમાં જતા ટ્રકો સામે આવ્યા હતા અને અનેક પ્રશ્નો ઉઠ્યા હતા. આ અંગે અધિકારી દેવાંશીબેન પટેલ અને અન્ય કર્મચારીને ફોન કરતો ફોન નહોતો રીસીવ કર્યો.

## બાલાસીનોરના જેઠોલી ખાતે

# ભટીયા તળાવની કેનાલમાં ચાલતા મેન્ટનન્સની કામગીરી એસ્ટીમેન્ટ મુજબ ન થતાં હલ્કી ગુણવત્તાની કામગીરીની શંકા



બાલાસીનોર, બાલાસીનોરના જેઠોલી ખાતે આવેલ ભટીયા તળાવની કેનાલનું મેન્ટેનન્સ કરવામાં આવી રહ્યું છે. તે કેનાલનું ચાર મહિના પહેલા પણ મેન્ટેનન્સ થયેલ હતું. તે તુટી જતાં હાલ ફરીથી મેન્ટનન્સ કરાઈ રહ્યું છે. તેમાં પણ હલ્કી ગુણવત્તાની કામગીરી દયાન આવી છે. તેની સામે સવાલો ઉઠી રહ્યા છે.

બાલાસીનોરના જેઠોલી ખાતે ભઠીયા તળાવની કેનાલનું મેન્ટેનન્સ કામ હાથ ધરવામાં આવ્યું છે. મેન્ટનન્સની કામગીરી દરમિયાન કેનાલની અંદર પથ્થરના પીચીંગ વગર આર.સી.સી. માલ નાખીને મેન્ટેનન્સ કરાઈ રહ્યું છે. ત્યારે શું કેનાલની મેન્ટેનન્સ કામગીરીના એસ્ટીમેન્ટમાં પથ્થરના પેચીંગના ઉપયોગ કર્યા વગર મેન્ટેનન્સ કરાય તેવા ઉલ્લેખ થયેલ છે અને આનાથી અધિકારીઓની જાણકારીમાં આ રીતે મેન્ટેનન્સની કામગીરી કરાઈ છે. સાઈડ ઉપર કામ કરતાં કારીગરોને સ્થાનિકો દ્વારા પુછપરછ કરતાં કોન્ટ્રાકટર દ્વારા સુચન કરાઈ હોવાનું જણાવ્યું છે. કેનાલની મેન્ટેનન્સમાં માટીની જરૂર પડે છે. તે ખેતરો માંથી લેવાય છે. ત્યારે માટી અંગે એસ્ટીમેન્ટમાં ઉલ્લેખ થયેલ છે. તેની સામે સવાલો ઉઠ્યા છે. હાલ જે કેનાલનું મેન્ટેનન્સ કરાઈ રહ્યું છે. તેનું ચાર મહિના પહેલા થયેલ હતું. પણ હલ્કી ગુણવત્તાના કારણે તુટી હતી. ત્યારે પુનઃ પણ કેનાલની ચાલતી મેન્ટેનન્સની કામગીરી સામે પણ હલ્કી ગુણવત્તાની કામગીરી થતી હોવાનું લાગી રહ્યું છે.

# બાલાસીનોરના જોરાપુરા ગામે નવનિર્માણ થયેલ પ્રવેશદ્વારનું લોકાર્પણ કરાયું



બાલાસિનોર, તા.૧૪/૦૬/૨૦૨૩ને બુધવાર નારોજ જોરાપુરા ગામમાં નવનિર્માણ ''પ્રવેશદ્વાર''ના લોકાર્પણ કાર્યક્રમમાં પ્રવેશદ્વારના દાતા ઈશ્વરભાઈ પટેલ તથા લોકસભા સાંસદ રતનસિંહ રાઠોડ તથા બાલાસિનોર વિધાન સભાના ધારાસભ્ય માનસિંહ ચૌહાણ તથા અમુલ ડેરીના ડિરેકટર અને વડોદરા જિલ્લા ભાજપ પ્રભારી રાજેશભાઈ (પપ્પુભાઈ) પાઠક તથા બાલાસિનોર તાલુકાના પ્રાંત અધિકારી હિરેન ચૌહાણ તથા મહિસાગર જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ દિનેશભાઈ પટેલ તથા જોરાપુરા ગ્રામ પંચાયતના સરપંચ મુકેશભાઈ પટેલ તથા ગ્રામજનો દ્વારા પ્રવેશદ્વારનું લોકાર્પણ કરવામાં આવ્યું.

# ચાલુ કલાસમાં ધોરણ-૧૨ના વિદ્યાર્થીનું હાર્ટ એટેકથી મોત

બાલાસિનોર, છેલ્લા ઘણા સમયથી યુવાનોમાં ચાલતા, રમતા, જમતા તથા કોઈ પણ કામ કરતા સમયે હાર્ટ એટેક આવવાના બનાવો બની રહ્યા છે. ત્યારે આ પ્રકારનો બનાવ ખેડા જિલ્લાના સેવાલિયા તાલુકાના થર્મલની શાળામાં જોવા મળ્યો હતો. જેમાં ચાલુ ક્લાસમાં ધોરણ ૧૨ના વિદ્યાર્થીને હાર્ટ એટેક આવતા અચાનક ઢળી પડયો હતો. તેને સારવાર અર્થે લઈ જવાતા ડોક્ટરે મૃત જાહેર કર્યો હતો.

બાલાસિનોરથી અભ્યાસ અર્થે થર્મલની સ્કુલમાં આવતો અને ધોરણ ૧૨ કોમર્સમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી યશ દિપકભાઈ માનવાણી (ઉં.વ. ૧૬) મંગળવારે શાળામાં રાબેતા મુજબ હાજર રહ્યો હતો. ત્યારે ચાલુ ક્લાસે વિદ્યાર્થી ઢળી પડ્યો હતો. તાત્કાલિક વિદ્યાર્થીને સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. જયાં તબીબે વિદ્યાર્થીને હાર્ટ એટેક આવ્યા બાદ મૃત્યુ થયું હોવાનું જણાવ્યું હતું.




દાહોદ જીલ્લાના ગરબાડા તેમજ ગાંગરડી માં ભગવાન જગન્નાથની રથયાત્રાને અનુલક્ષીને તારીખ ૧૫ ના સાંજના સમયે દાહોદ જિલ્લા એસપી તેમજ એએસપી સહિતની જિલ્લા પોલીસની ટીમે ગરબાડા તેમજ ગાંગરડી નગરમાં ફ્લેક માર્ગ કર્યો હતો.


## ગોધરા નગરપાલિકા
## જાહેર નીવિદા
## ઈ-ટેન્ડરીંગ

આથી રસ ધરાવતા કોન્ટ્રાકટરશ્રીઓને જણાવવાનું કે ગોધરા નગરપાલિકા વિસ્તારમાં સરકાર તરફથી ફાળવેલ ગ્રાન્ટમાંથી ઓન લાઈન ઈ-ટેન્ડર થી ગુજરાત રાજય સરકારશ્રીમાં રજીસ્ટર થયેલ "A CLASS" ઈજારદારો અને સ્પેશીયાલીસ્ટ પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. ઈ-ટેન્ડરની વિગતો વેબસાઈટ www.nprocure.com સાઈટ પરથી જોવા મળવો.

| કામ નં. | કામની વિગત | અંદાજીત રકમ રૂા. | ટેન્ડર આઈ.ડી.નંબર |
|---|---|---|---|
| ૧ | ગોધરા શહેરની પાણી પુરવઠા યોજનાના AMRUT 2.0 SWAP-1 પ્રોગ્રામ અન્વયે રાઈઝીંગ મેઈન, ભુગર્ભ સમ્પ, ઉંચી ટાંકી, કમ્પાઉન્ડ વોલ, પમ્પ હાઉસ, સી.સી.રોડ, સિક્યોરીટી કેબીન, પમ્પીંગ મશીનરી અને પાંચ વર્ષે મરામત અને નિભાવણીના કામો ના ટેન્ડરો. | ૬,૭૭,૦૯,૯૮૦.૦૦ | |

| | |
|---|---|
| પ્રી-બીડ કોન્ફરન્સની તારીખ સમય (નગરપાલિકા ખાતે) | તાઃ ૨૨.૦૬.૨૦૨૩, ૧૨ઃ૦૦ કલા |
| ટેન્ડર ડાઉનલોડ અને પ્રાઈસબીડ સાથે અપલોડ કરવાની છેલ્લી તારીખ | તાઃ ૧૦.૦૭.૨૦૨૩, કચેરી સમય |
| ટેન્ડર ફી,ઈ.એમ.ડી, ડોક્યુમેન્ટ આર.પી.એ.ડી. થી મોકલવાની છેલ્લી તારીખ | તાઃ ૧૪.૦૭.૨૦૨૩ કચેરી સમય |
| ટેન્ડર ખોલવાની સંભવિત તારીખ | તાઃ ૧૫.૦૭.૨૦૨૩ |

ચીફ ઓફીસર, ગોધરા નગરપાલિકા — ચેરમેન, અમૃત કમિટી — ઉપપ્રમુખ, ગોધરા નગરપાલિકા — પ્રમુખ, ગોધરા નગરપાલિકા

માહિતી/ગોધરા/૨૩૧/૨૦૨૩



## લુણાવાડા નગરપાલિકા જી.મહીસાગર
## બાંધકામ શાખા

ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૧૮૫ હેઠળ નગરપાલિકા વિસ્તારમાં જર્જરીત મિલ્કતોના માલિક/કબજેદારો જોગ

:: જાહેર નોટીસ ::

આથી લુણાવાડા નગરપાલિકા વિસ્તારમાં આવેલી જર્જરીત મિલ્કતોના માલિક કબજેદારોને જણાવવાનું કે આગામી ચોમાસા દરમ્યાન વાવાઝોડા કે અતિભારે વરસાદના સમયે જર્જરીત મિલ્કત/મકાન તૂટી પડવાથી જાનમાલને નુકશાન ન થાય તે માટે તેમજ જાનહાનિ ન થાય તે માટે આપના કબજા ભોગવટા હેઠળની મિલ્કત તાત્કાલિક ઉતારી લેવા યા સુરક્ષિત કરવા આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં કસુરવાર ઠરશો તો તેનાથી નીપજતા પરિણામો જેમ કે જર્જરીત મિલ્કત તુટી પડવા કે ધરાશયી થવાના પ્રસંગે આપના કે અન્યના કિંમતી માલસામાન કે ઘર-વખરીને જે કોઈ નુકશાન થશે કે કોઈ જાનહાનિ થશે તો તેની અંગત જવાબદારી આપ મિલ્કત માલિક/કબજેદારની રહેશે. જેની ગંભીર નોંધ લેશો.

મુખ્ય અધિકારી, નગરપાલિકા લુણાવાડા — વહીવટદાર, નગરપાલિકા લુણાવાડા

માહિતી/ગોધરા/૨૩૩/૨૦૨૩


# ૨૧ જુન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૩ની ઉજવણીના સંદર્ભે જીલ્લા કલેકટર ભાવિન પંડ્યાના અધ્યક્ષ સ્થાને યોજાઈ પત્રકાર પરિષદ



મહીસાગર, આગામી તા.૨૧મી જુન ૨૦૨૩ નારોજ નવમાં વિશ્વ યોગ દિવસની ઉજવણીના ઉપક્રમે મહીસાગર જીલ્લામાં યોજાનાર જીલ્લાકક્ષા/તાલુકાકક્ષા/ગ્રામ્યકક્ષા તથા વિવિધ શાળા, કોલેજ ખાતેની ઉજવણીમાં મહત્તમ લોકો ભાગીદાર થાય તે માટે પ્રિન્ટ મિડિયા તથા ડિજીટલ મિડિયા થકી મહત્તમ પ્રચાર-પ્રસાર થાય તે માટે જીલ્લા કલેકટર કચેરીના સભાખંડમાં જીલ્લા કલેકટર ભાવિન પંડ્યાના અધ્યક્ષ સ્થાને એક પત્રકાર પરિષદ યોજાઈ હતી.

આ વેળા કલેકટરએ જણાવ્યું હતું કે, ૨૧ મી જુન, નવમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી વિશ્વ સમસ્તની જેમ સમગ્ર ગુજરાતમાં કરવાનું આયોજન હોવાથી, જીલ્લામાં પણ ૨૧મી જૂન, ૨૦૨૩ના રોજ યોજાનાર આતરરાષ્ટ્રીય વિશ્વ યોગ દિવસની ઉજવણી ભાગરૂપે જીલ્લાના દરેક તાલુકા કક્ષાએ, ગ્રામ્ય કક્ષાએ, શાળા-કોલેજોમાં તથા જીલ્લા વિવિધ વિભાગો દ્વારા થતા વિવિધ કાર્યક્રમો દ્વારા લોકોમાં યોગ પ્રત્યે વધુ જાગૃતિ આવે તે માટે આ કાર્યક્રમોનું મોટા પ્રમાણમાં આયોજન કરાયું છે. ઉપસ્થિત જીલ્લા વિકાસ અધિકારી ચંદ્રકાંત પટેલે પત્રકારમિત્રોને જણાવ્યું હતું કે ભારતમાંથી જન્મેલ આ યોગ ક્ષેત્રે જો વિશ્વ કાર્ય કરી રહ્યું હોય તો આપણે તો ભારતવાસી તરીકે આમાં જોડાઈ તમામ લોકો સુધી તેના લાભો અને જરૂરિયાતો પહોંચે તેવા પ્રયાસો કરવા જોઈએ.

સહાયક માહિતી નિયામક શૈલેષકુમાર બલદાણીયાએ પત્રકાર મિત્રોને લોકો તા.૨૧ મી જુન ૨૦૨૩ના કાર્યક્રમમાં સ્વયંભૂ સહભાગી થાયઅને મોટા પાયે નવમાં વિશ્વ યોગ દિનનો પ્રચાર પ્રસાર થાય તથા યોગ અંગે લોક જાગૃતિ ફેલાય તે માટે પત્રકારત્વના વિવિધ માધ્યમો વડે જાગૃતિ લેખો, વિશેષ વ્યકિતના ઈન્ટરવ્યુ, યોગ ક્ષેત્રે જાણીતા લોકો તથા સંસ્થાને સમાચારોમાં સ્થાન આપવું વગેરે બાબતો અંગે કામ કરવા અપીલ કરી હતી તથા સિનિયર કોચ દક્ષેશ કહાર દ્વારા આગામી યોગ દિન નિમિત્તે એસપી ગ્રાઉન્ડ લુણાવાડા ખાતે થનાર ઉજવણીનું પીપીટી પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું હતું.

# વાવાઝોડાના પગલે સંતરામપુર પાલિકાએ ૫૦૦ હોડિંગ ઉતારી લીધા



સંતરામપુર, સંતરામપુર પાલિકા દ્વારા વાવાઝોડા ના લઈને સાવચેતી માટે નગરમાંથી ૫૦૦ ઉપરાંત હોર્ડિંગ્સ ઉતારી લેવામાં આવ્યા. વાવાઝોડાની આગાહીને લઈને સંતરામપુર નગરમાં સાવચેતી માટે અને કોઈ જાનહાની કે નુકસાન ના થાય તે માટે પાલિકા તંત્ર દ્વારા નગરમાં વેપારીઓ અને માર્કેટિંગના અલગ અલગ પ્રકારના નગરના દરેક વિસ્તારોમાં હોર્ડિંગ્સ લગાવવામાં આવેલા હતા. જે પાલિકા દ્વારા સવારથી જ આ તમામ હોર્ડિંગ્સ કાઢી લેવામાં આવેલા હતા અને જણાવેલું હતું કે હાલ પૂરતા કોઈપણ વ્યક્તિએ કે વેપારીએ વાવાઝોડાને લઈને સાવચેતી માટે કોઈએ હોર્ડિંગ લગાવવાના નથી અને જે બાકી રહી ગયેલા છે જે પોતાની રીતે ઉતારી લેવાની સૂચના આપી હતી. નગરપાલિકાના ચીફ ઓફિસર દીપસિંહ હઠીલા જણાવેલું કે વાવાઝોડાની સાવચેતી માટે કોઈપણ પ્રકારની જોખમી કારક વસ્તુ બહાર લટકાવી નહીં અને કોઈ પણ પ્રકારની વસ્તુ તમને ધ્યાનમાં આવે જે કોઈને નુકસાન થઈ શકે છે, તો તાત્કાલિક અમને પાલિકાની તમે જાણ પણ કરી શકો છો. આ રીતે પાલિકા દ્વારા નગરના અલગ અલગ વિસ્તારોમાં સવારથી જ ટીમ કામે લાગી ગઈ હતી. નગરના ગોધરા ભાગોળ, મોટા બજાર, પ્રતાપુરા, ટાવર રોડ, લુણાવાડા રોડ દરેક વિસ્તારો માંથી ચીફ ઓફિસર જાતે વિઝીટ કરીને હોર્ડિંગ હટાવી લેવામાં આવેલા હતા.

# સુરેન્દ્રનગર પાસે ટ્રેન ઉથલાવવાનું કાવતરું ટ્રેક પર ૨૫ કિલો વજનના ૩ પથ્થર મૂકાયા

સુરેન્દ્રનગર, સુરેન્દ્રનગર- બાળા અપલાઈન પર એન્જિન પાઈલોટની સતર્કતાથી મોટો અકસ્માત ટળી ગયો હતો. આ બનાવમાં અજાણ્યા શખસો સામે બી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ હતી. તાજેતરમાં ઓડિસામાં ઘટેલી મોટી ટ્રેન દુર્ઘટના અકસ્માત હતો કે કાવતરું તેની ઉચ્ચ સ્તરિય તપાસના આદેશ અપાયા છે ત્યારે સુરેન્દ્રનગર પાસે બનેલી ઘટનાને પણ ખૂબ ગંભીરતાથી લેવામાં આવી છે. રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, જામનગર, દ્વારકા, ગીરસોમનાથ સહિતના જિલ્લાઓને અમદાવાદ મુંબઈ સાથે જોડતી ટ્રેનો આ રૂટ પરથી ચાલે છે. આ લાઈન પર દૈનિક ૮૦થી વધુ પેસેન્જર ટ્રેઈનો અને એટલી જ સંખ્યામાં ગુડ્સ ટ્રેનો પસાર થાય છે. તેવામાં સુરેન્દ્રનગરથી અમદાવાદ જતાં સુરેન્દ્રનગર બાળા રોડ પાસે રેલવેના કેએમ નંબર ૬૨૨/૭-૯ પાસે કોઈ અજાણ્યા શખસોએ પથ્થરો મૂકી દેતા ખળભળાટ મચી ગયો હતો. સુરેન્દ્રનગર રેલવે સ્ટેશનના રેલવે સિનિયર સેકશન એન્જિનયર ભાવિન પરમારે બી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ લોકો પાઈલોટ રાજેશકુમાર લાઈટ એન્જિનને લઈ સુરેન્દ્રનગરથી અમદાવાદ તરફ જઈ રહ્યા હતા.ત્યારે ૧૩ જૂને સાંજના ૭ વાગ્યાની આસપાસ ટ્રેક પર પથ્થરો જોતા ઈમરજન્સી બ્રેક લગાવી છતાં પહેલો પથ્થર અથડાતા એન્જિનના આગળના ભાગને નુકસાન થયું હતું. આસિસ્ટન્ટ લોકો પાયલોટની મદદથી પથ્થરો હટાવીને ઉપરી અધિકારીઓને જાણ કરી હતી. આવી ઘટનાથી મોટી દુર્ઘટના થવાની શકયતા રહેલી હોય તેમજ રેલવે યાત્રીઓના જીવને જોખમ ઊભું થાય તેવો ખતરો હોય. જેથી અજાણ્યા શખસો સામે ગુનો નોંધાતા વધુ તપાસ પીએસઆઈ એમ.બી. વિરજા ચલાવી રહ્યા છે. પેસેન્જર ટ્રેઈનો અને એટલી જ સંખ્યામાં ગુડ્સ ટ્રેનો પસાર થાય છે. તેવામાં સુરેન્દ્રનગરથી અમદાવાદ જતાં સુરેન્દ્રનગર બાળા રોડ પાસે રેલવેના કેએમ નંબર ૬૨૨/૭-૯ પાસે કોઈ અજાણ્યા શખસોએ પથ્થરો મૂકી દેતા ખળભળાટ મચી ગયો હતો. સુરેન્દ્રનગર રેલવે સ્ટેશનના રેલવે સિનિયર સેકશન એન્જિનયર ભાવિન પરમારે બી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ લોકો પાઈલોટ રાજેશકુમાર લાઈટ એન્જિનને લઈ સુરેન્દ્રનગરથી અમદાવાદ તરફ જઈ રહ્યા હતા. ત્યારે ૧૩ જૂને સાંજના ૭ વાગ્યાની આસપાસ ટ્રેક પર પથ્થરો જોતા ઈમરજન્સી બ્રેક લગાવી છતાં પહેલો પથ્થર અથડાતા એન્જિનના આગળના ભાગને નુકસાન થયું હતું. આસિસ્ટન્ટ લોકો પાયલોટની મદદથી પથ્થરો હટાવીને ઉપરી અધિકારીઓને જાણ કરી હતી. આવી ઘટનાથી મોટી દુર્ઘટના થવાની શકયતા રહેલી હોય તેમજ રેલવે યાત્રીઓના જીવને જોખમ ઊભું થાય તેવો ખતરો હોય. જેથી અજાણ્યા શખસો સામે ગુનો નોંધાતા વધુ તપાસ પીએસઆઈ એમ.બી. વિરજા ચલાવી રહ્યા છે.

# ગુજરાત હાઈકોર્ટના કોર્ટ રૂમમાં ૪ લોકોનો આપઘાતનો પ્રયાસ, આપઘાતના પ્રયાસનું કારણ અકબંધ

અમદાવાદ, અમદાવાદમાં આવેલી ગુજરાત હાઈકોર્ટના કોર્ટ રૂમમાં ૪ લોકોએ ફીનાઈલ પીને આપઘાતનો પ્રયાસ કર્યો છે. આ ઘટનાની જાણ થતા જ સોલા હાઈકોર્ટ પોલીસ ઘટના સ્થળે પહોંચી છે. આ ચારેય લોકોના આપઘાતનો પ્રયાસ કરવાનું કારણ જાણવા પોલીસે તપાસ શરૂ કરી છે. ઘટના કઈક એવી છે કે ગુજરાત હાઈકોર્ટમાં આજે ચાર લોકોએ ફીનાઈલ પીને આપઘાત પ્રયાસ કર્યો છે. આનંદનગરમાં નોંધાયેલી ફરિયાદમાં આરોપીના આગોતરા જામીન કોર્ટે મંજૂર ન કરતા ચાર લોકોએ કોર્ટ રૂમમાં ફીનાઈલ પીને આપઘાતનો પ્રયાસ કર્યો છે. એક દંપતી અને બે વ્યક્તિ મળી કુલ ચાર લોકોએ ફીનાઈલ પીને આપઘાતનો પ્રયાસ કર્યો છે. ફીનાઈલ પીને આપઘાતનો પ્રયાસ કરનાર ચારેય લોકોની સ્થિતિ ગંભીર છે. આ ચારેય લોકોને તાત્કાલિક સોલા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ કરતા જ સોલા પોલીસ ઘટના સ્થળ પર પહોંચી ગઈ હતી અને ફીનાઈલ પીનારને હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. મહત્વનું છે કે અરજદાર દ્વારા લોન લેવામાં આવી હતી, જો કે આ લોનની રકમ વચેટિયાઓએ મેળવી લઈને અરજદાર સુધી તેનો લાભ પહોંચવા દીધો ન હતો. અરજદારને લોનની રકમ ન મળતા તેણે છેતરપીંડીની ફરિયાદ નોંધાવી હતી.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ એક મહત્વપૂર્ણ દિવસ છે અને શક્ય છે કે તમે આજે કોઈ મોટો નિર્ણય લઈ શકો છો. આજે એવું થઈ શકે છે કે તમે બેંકમાં તમારી કોઈપણ મિલકત અથવા અન્ય કોઈ કિંમતી વસ્તુનો ઉપયોગ કરી શકો છો.

વૃષભ : દિવસની શરૂઆત તમારા માટે થોડી પ્રતિકૂળ હોઈ શકે છે. સંભવ છે કે તમે કુટુંબના સભ્ય અથવા બાળકને લગતી કોઈ બાબતથી નાખુશ હશો. એવું પણ થઈ શકે છે કે પત્ની અથવા ગર્લફ્રેન્ડ પણ તમને આ પ્રકારના વર્તનથી હેરાન કરે છે.

મિથુન : તમારા કેટલાક લોકો તમારી ચિંતા પણ વધારી શકે છે. કાર્યક્ષેત્રમાં કેટલાક મોટા ફેરફારો શક્ય છે જે તમારા હિતમાં ન હોઈ શકે અથવા તમને તે ગમશે નહીં. તમારે તેની ચિંતા કરવાની જરૂર નથી.

કર્ક : આજનો દિવસ તમારા માટે શુભ છે. ઓફિસ અને સમાજમાંના લોકોમાં તમને આદર મળશે અને તમારી કામ કરવાની રીતથી લોકો પ્રભાવિત થશે. લોકો પ્રત્યેના મનમાં તમારી તરફ સદ્ભાવના પણ જાગૃત થશે.

સિંહ : આજે કેટલીક માહિતી મેળવવાનો દિવસ રહેશે અને તમારી બૌદ્ધિક ક્ષમતામાં વધારો થશે. આજે સારા લોકો સાથેની તમારી મુલાકાત તમને લાભ આપી શકે છે. મોટા ફાયદાની આશામાં દિવસ સાર્થક દેખાશે. પ્રિયજનો તરફથી પણ સારા સમાચાર મળશે અને કોઈપણ ધાર્મિક કાર્યની યોજના કરતી વખતે તમારી સલાહ લેવામાં આવશે.

કન્યા : આજે શક્ય છે કે તમારો પ્રતિકૂળ સમય સવારથી જ શરૂ થઈ જાય. બપોર સુધીમાં તમારું મન મુંઝવણમાં મુકાઈ જશે. તમે ફરીથી નવી ઊર્જાથી તમારા અધૂરા કાર્યોનો સામનો કરશો. આજે તમને સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ પણ થઈ શકે છે.

તુલા : તમારા માટે આજનો દિવસ થોડો મુશ્કેલ હોઈ શકે છે. કેટલાક કામ બગડવાના કારણે નિરાશા વધી શકે છે. કોઈ નિરર્થક વસ્તુનો ભય અથવા ડર તમારા મગજમાં ખલેલ પહોંચાડી શકે છે.

વૃશ્ચિક : આજનો દિવસ તમારા માટે સામાન્ય છે અને નોકરી અને ધંધામાં બધુ સારું રહેશે. વ્યવસાયની સ્થિતિમાં સુધાર થશે અને મોટા અધિકારીની મદદથી તમારું કામ જે લાંબા સમયથી અટવાયું છે તે પૂર્ણ થશે. તમારી આર્થિક સ્થિતિ મજબૂત રહેશે. વિરોધીઓ અને ટીકાકારો હવે શાંત થઈ જશે.

ધનુ : આજનો દિવસ તમારા માટે સારો છે. આજે કેટલાક કામ તમારા વિચાર વિરોધી હોઈ શકે છે. તમારો વિશ્વાસ કરનારા કોઈ તમને છેતરી શકે છે. બાકીનો મિશ્રિત ફળદાયી દિવસ છે. સાંજનો સમય સારો રહેશે. વર્તમાન વાતાવરણને ધ્યાનમાં રાખીને મનમાં નકારાત્મકતા વધી શકે છે.

મકર : આજનો દિવસ તમારા માટે અનુકૂળ છે અને તમારો મૂડ પણ આજે સારો રહેશે. આજે જે લોકો તમારું સારું ઈચ્છે છે તે તમારી આસપાસ દેખાશે. આજે તમને તારા ગ્રહોનો લાભ મળી રહ્યો છે અને આજે તમારા કાર્ય પૂરા થવામાં મદદ રૂપ થશે.

કુંભ : આજે તમારું સ્વાસ્થ્ય સારું નહીં રહે અને શક્ય છે કે દિવસના પહેલા ભાગમાં એક સાથે ઘણું કામ તમારી સામે આવી શકે છે. જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી તેમનામાં મહત્વપૂર્ણ કાર્ય પૂર્ણ કરવાનું યોગ્ય રહેશે.


મીન : આજે તમારા કાર્ય માટે અનુકૂળ દિવસ છે. આજે પરીક્ષાની સ્પર્ધામાં સફળતા મળી શકે છે. જો તમે તમારા વ્યવસાય સાથે સંબંધિત કોઈ કરાર અથવા લેખન કરવા માંગતા હોવ તે આજે ટાળો. તમને સફળતા મળશે બાકીના અન્ય કામો માટે બપોર સુધી સારો સમય છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## દેવગઢબારીયાની સરકારી હોસ્પિટલ ખાતે કરાર આધારિત

# ક્લાર્કની જગ્યાએ અન્ય વ્યક્તિ એ રજીસ્ટરમાં સહીઓ કરી ફરજ બજાવી હોવાનું બહાર આવતા તંત્રમાં ખળભળાટ



- નિમણુંક મેળવનાર કલાર્કને સ્ટાફના કર્મચારીઓ નહીં ઓળખતા હોવાનો ખુલાસો.
- આરોગ્ય વિભાગમાં ધોળા દિવસે અધિકારીઓ રૂબરૂ મોટો છબરડો.

દાહોદ, પ્રાપ્ત વિગતો મુજબ દેવગઢબારીયા તાલુકા મથકે આજુબાજુના ગામડાની જનતાને નિઃશુલ્ક દવાસારવાર મળી રહે તે માટે સરકાર તરફથી જરૂરી મેડિકલ સ્ટાફ સહીત કર્મચારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. અંગ્રેજો વખતના અને રજવાડી શાસન સમય થી બનેલી આ હોસ્પિટલ આજે પણ મોજુદ છે. જયારે નજીકમાં સરકાર દ્વારા લાખ્ખો નહીં પણ કરોડો રૂપિયાના ખર્ચે હોસ્પિટલનું નવીન બાંધકામ કરીને હાલમાં તે જગ્યાએ તમામ વોર્ડ અને વહીવરી કામગીરી પણ કરાઈ રહી છે.

સત્તાવાર સૂત્રો માંથી મળતી માહિતી મુજબ દેવગઢબારીયાની આ સરકારી હોસ્પિટલમાં વડોદરાની નાકરાણી નામની ખાનગી એજન્સી દ્વારા આઉટસોર્સીંગ ક્લાર્ક તરીકે મેહુલ એ. પરમારની હંગામી નિમણુંક આપવામાં આવેલ હતી. અને આ મેહુલ પરમારની જગ્યા એ દરરોજ નોકરી ઉપર આ સરકારી દવાખાનામાં નિવૃત થયેલા બાબુભાઈ બી. પરમાર દૈનિક હાજરીપત્રકમાં સહી કરતો અને ઓફિસમાં મેહુલ પરમારની જગ્યાએ ક્લાર્ક તરીકેની ફરજ પણ બજાવતો હતો. ખાનગી એજન્સી મારફતે કલાર્ક તરીકેની નોકરી મેળવનાર મેહુલ પરમાર ક્યાંનો છે..?. ક્યારે દવાખાનામાં નોકરી આવે છે..? ક્યારે નોકરીમાં હાજર થયો તે અંગેની જાણકારી જેતે સમયના હોસ્પિટલના અધ્યક્ષને પણ કદાચ ખબર નહીં હોય. અથવા જો ખબર હોય તો જવાબદાર અધ્યક્ષ દ્વારા કેમ કોઈ તપાસ નહીં કરી. હાલ સુધી માં આ મેહુલ પરમાર દ્વારા સરકાર માંથી પોતાની ફરજ દરમ્યાન કેટલું વેતન (પગાર) મેળવ્યું કે પછી આ વેતન પણ તેની જગ્યા ફરજ બજાવનાર બાબુ પરમારના ખાતામાં જમા થયું તે પણ એક તપાસનો વિષય છે. દેવગઢબારીયાની સરકારી હોસ્પિટલ માંથી નિવૃત થયેલા કર્મચારી બાબુ પરમારને પુનઃ નિયુક્તિ કયા કારણોસર કચેરીનું વહીવટી કામકાજ કરવા માટે અને કોની સૂચના અને લેખિત હુકમ થયેથી આપવામાં આવી તેપણ જવાબદાર તંત્ર એ જોવાનું રહ્યું.દેવગઢબારીયા સરકારી હોસ્પિટલમાં ફરજ બજાવતા આઠ જેટલાં કર્મચારીઓ સહીત જવાબદાર કહેવાતા અધિકારી એ સ્ટાફની સંયુક્ત સહીઓ સાથેના નિવેદનમાં સ્પષ્ટતા કરી છે કે આ મેહુલ એ. પરમારને અમોએ જોયેલા પણ નથી અને ઓળખતા પણ નથી અને તેમની જગ્યા એ બાબુભાઈ બી. પરમાર નામના વ્યક્તિ એ સહીઓ કરી મેહુલ પરમારની જગ્યા એ કલાર્કની ફરજ બજાવી છે. અને આ મેહુલ પરમાર ને તા.૩/૬/૨૦૨૩ ના રોજ થી કચેરી સમય બાદ થી છુટ્ટા કરવામાં આવેલ છે. જે નિવેદન તેમની કચેરી ના જાવક નં.૧૪૭૪/૨૩ મુજબ આપવામાં આવેલ છે.

સરકારી તંત્રના જવાબદાર અધિકારીઓ દ્વારા આ અંગે તટસ્થ તપાસ કરી જવાબદારો સામે ખાતાકીય અને કાયદાકીય પગલાં લેવાય તે અતિ જરૂરી બન્યું છે.

## નવા શૈક્ષણિક સત્ર શરૂ થતાં દાખલા કઢાવવા ભારે ભીડ : તંત્રે માનવતા દાખવી હંગામી ટેન્ટ તેમજ પાણીની વ્યવસ્થા ઊભી કરી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદમાં નવા શૈક્ષણિક સત્રની શરૂઆત થતાં વિદ્યાર્થીઓને એડમિશન તેમજ અન્ય જરૂરિયાત માટે જુદી-જુદી કેટેગરીના દાખલાઓ તેમજ સર્ટિફિકેટની જરૂરિયાતો ઊભી થતા મામલતદાર કચેરી ખાતે વિદ્યાર્થીઓ તેમજ તેમના વાલીઓનો ભારે ઘસારો જોવા મળતા તંત્ર દ્વારા અરજદારોને અગવડતા ઉભી ન થાય તે માટે મામલતદારની અધ્યક્ષતામાં તાકીદે સ્ટાફ સાથે મીટીંગ યોજવામાં આવી હતી. જેમાં જુદા-જુદા સર્ટિફિકેટ મેળવવા આવતા અરજદારોને સત્વરે કામગીરી કરી દાખલાઓ કાઢી આપવા માટે નિર્દેશ કરવામાં આવ્યા હતા. તો બીજી તરફ ધોમધકતા તાપમાં ઉભા રહેતા અરજદારો પ્રત્યે માનવતા દાખવી મામલતદાર કમ્પાઉન્ડમાં ટેન્ટ તેમજ પાણીની સુવિધા ઉભી કરવામાં આવી હતી.

દાહોદમાં નવા શૈક્ષણિક સત્ર ચાલુ થતાની સાથે જ વિદ્યાર્થીઓને શાળા કોલેજો તેમજ યુનિવર્સીટીઓમાં જાતિ,આવક ઓબીસી, EWS, SCBC ક્રિમિલીયર, ડોમીસાઈલ જેવા અગત્યના દાખલાની જરૂરિયાત ઊભી થતા મામલતદાર કચેરી ખાતે આવેલા જનસેવા કેન્દ્ર પર વિદ્યાર્થીઓ તેમજ વાલીઓનો ભારે ઘસારો જોવા મળી રહ્યો છે. જેને વહીવટી તંત્ર દ્વારા ગંભીરતાથી લઈ અને વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને કોઈ અગવડતા ન પડે તે માટે તેમજ ઘસારાને પહોંચી વળવા મામલતદાર મનોજ મિશ્રા દ્વારા અંગત રસ દાખવી ATVTના તમામ સ્ટાફના કર્મચારીઓ જોડે તાકીદે મીટીંગ બોલાવી સુચના આપવામાં આવી હતી કે સવારના આઠ વાગ્યાથી સાંજના સાત વાગ્યા સુધી ફરજ બજાવી જનસેવા કેન્દ્ર ખાતે આવતા અરજદારોને કોઈ અગવડતા ન પડે તે માટે સત્વરે કામગીરી હાથ ધરી હતી. તેમજ તાત્કાલિક ધોરણે દાખલા કાઢી આપવા માટે સુચના આપવામાં આવી હતી. તો બીજી તરફ મામલતદાર કચેરી પરિસરમાં ધોમ ધકતા તાપમા લાઈનમાં ઊભા રહેતા વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ પ્રત્યે માનવતા દાખવી હંગામી ધોરણે ટેન્ટ તેમજ પાણીની વ્યવસ્થા તંત્ર દ્વારા ઉભી કરવામાં આવી છે. જેને લઈને જનસેવા કેન્દ્ર ખાતે વિવિધ કેટેગરીના દાખલા કઢાવવા આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓને રાહત તથા તેઓએ વહીવટી તંત્રનો આભાર પણ વ્યક્ત કર્યો હતો.

## મૂળ દાહોદના IPS અધિકારી ધ્રુમન નિંબાળેએ આં.રા. સ્તરે દાહોદનું નામ રોશન કર્યું



દાહોદ,

તાજેતરમાં યુરોપિયન દેશ ઈટલીમાં “આતંકવાદ અને અનૈતિક તોડફોડનો સામનો કરવા” સંદર્ભે તાજેતરમાં એક આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાઈ હતી. જેમાં મૂળ દાહોદના યુવાન આઈ.પી.એસ. ઓફિસરને ભારતનું પ્રતિનિધિત્વ કરવાની તક મળી હતી.

પંજાબના તરન તારણ, મોગા, મુક્તસર અને હોંશિયારપુર ખાતે SSP તરીકે ફરજનિયુક્ત રહી ચુકેલાં ગુજરાતના પ્રથમ IPS ઓફિસર ધ્રુમન નિંબાળે દેશની આંતરિક સુરક્ષાની અગ્રીમ સંસ્થા અને ખૂબ જ પ્રતિષ્ઠિત એવી NIA (નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી)માં જુલાઈ ૨૦૨૨ થી નિયુક્ત થયા છે. દાહોદ નગરપાલિકાના પૂર્વ કાઉન્સિલર અશોકભાઈ રાવ) નિંબાળેના સુપુત્ર એવા IPS ધ્રુમન નિંબાળેએ દેશના પ્રતિનિધિ તરીકે સહભાગી થઈ, સમગ્ર વિશ્વના ૨૧ સહભાગી દેશોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ભારત દેશનું પ્રતિનિધિત્વ કરવાની આ ગૌરવવંતી તકને ઝડપીને આતંકવાદ અને અનૈતિક તોડફોડનો સામનો કરવા સંદર્ભે આયોજીત વિષય ઉપર સબળ રજુઆત કરી પોતાની સહભાગિતાને સાર્થક પુરવાર કરી હતી.

ઈ.સ.૨૦૧૦ માં ભારતભરના ૪.૫૦ લાખ વિદ્યાર્થીઓ પૈકી માત્ર ૮૮૯ (જેમાં પણ ગુજરાતના તો વળી માત્ર ૧૪ જ વિદ્યાર્થીઓ પાસ થયા હતા.) તેવા સદ્દનસીબોમાં ભારતભરમાં ૩૦૦ મો રેન્ક ધરાવી આ ખૂબ અઘરા ટાસ્કને જવલંત સફળતા મેળવી ઉત્તીર્ણ કરનાર મૂળ દાહોદના પ્રથમ IPS એવા ધ્રુમન નિંબાળેએ આ પરિષદમાં ભાગ લઈને દાહોદનું નામ ઉજ્જ્વળ કર્યું છે.

## ધાનપુર તાલુકાના ઝાબુ ગામેથી SOG પોલીસે દેશી બનાવટની રિવોલ્વર સાથે એકને ઝડપી પાડ્યો




દાહોદ,

દાહોદ એસઓજી પોલીસે દેશી હાથ બતાવટની રિવોલ્વર સાથે કુલ કિંમત રૂપિયા ૨૦,૦૦૦ હજારના મુદ્દામાલ સાથે એક ઈસમ ઝડપી પાડ્યો.

ધાનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં જીલ્લા એસપીના માર્ગદર્શન મુજબ પેટ્રોલિંગમાં નીકળ્યા હતા. તે અરસામાં SOG શાખાના કર્મીઓને ખાનગી રાહે બાતમી મળેલ હતી કે ઝાબુ ગામે થી ચિતવા ફળીયા તરફથી જેસાવાડા જતા એક ઈસમ સફેદ કલરનો શર્ટ પહેરી દેશી હાથ બનાવટની રિવોલ્વર લઈને પ્રસાર થઈ રહ્યો છે. તેવી બાતમીના આધારે પોલીસે ઝાબુ ગામે વોચ ગોઠવી હતી. વોચ દરમિયાન બાતમીના વાળા ઈસમને પોલીસે કોર્ડન કરી આરોપીને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી અરવિંદ બારીયા નામના ઈસમને દેશી હાથ બતાવટની રિવોલ્વર સાથે કુલ કિંમત રૂપિયા ૨૦,૦૦૦ હજારના મુદ્દામાલ સાથે એકને ઝડપી પાડી પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

## ફતેપુરા તાલુકાના રાવળના વરૂણા ખાતે ખુલ્લા કૂવામાં ગાય ખાબકતામાં ગૌરક્ષક દળના સભ્યોએ બચાવી


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના સુખસર પાસે આવેલ રાવળના વરણા ગામે આજરોજ સવારના ૯ વાગ્યાના અરસામાં કિનાર વગરના કૂવામાં ગાય ખાબકતાં તેની જાણ સુખસર પ્રખંડના ગૌરક્ષક તથા બજરંગ દળના સભ્યોને થતાં તાત્કાલિક આ સભ્યો જે.સી.બી. મશીન લઈ રાવળના ગામે પહોંચી ગયા હતા અને ગાયને સહી સલામત રીતે બહાર કાઢવામાં આવી હતી.

જાણવા મળેલ વિગતો મુજબ ફતેપુરા તાલુકાના રાવળના વરૂણા ગામે રહેતા ધારજીભાઈ ગવજીભાઈ રાવળની ગાય આજરોજ સવારના આશરે ૩૦ થી ૩૫ ફૂટ ઊંડા કૂવામાં અકસ્માતે પડી ગઈ હતી. જેની જાણ સુખસર પ્રખંડના ગૌરક્ષક તથા બજરંગ દળના સભ્યોને થતા આ સભ્યો તાત્કાલિક જે.સી.બી. મશીન સાથે રાવળના વરૂણા ગામ ખાતે પહોંચી ગયા હતા અને જે.સી.બી. મશીન અને ગ્રામજનોની મદદથી ગાયને સહી સલામત બહાર કાઢવામાં આવી હોવાનું જાણવા મળે છે.

## સગીરાના અપહરણની ફરિયાદ પાછી ખેંચવા પોલીસ પૈસા આપવાનું બહાનું કરી ૪૦ હજાર પડાવી લેતાં ઠગ સામે ફરિયાદ

દાહોદ,

પોલીસમાં સગીરાના અપહરણની દાખલ થયેલ ફરિયાદ પાછી ખેંચી લેવાનું તેમજ પોલીસને પૈસા આપવાનું બહાનું કરી રૂા. ૭૦૦૦ની માંગણી કરી અંતે રૂા. ૪૦,૦૦૦ જેટલી માતબર રકમ બળજબરીથી કઢાવી લેનાર ઠગ વિરૂધ્ધ પોલીસમાં ફરિયાદ થયાનું જાણવા મળ્યું છે.

દાહોદ જીલ્લાના વડબારા ગામે માતા ફળિયામાં રહેતા બદરીભાઈ જોખાભાઈ બારીયાએ દાહોદ તાલુકાના આગાવાડા ગામના નવા ફળિયામાં રહેતા કાળીયાભાઈ ઉર્ફે જુવાનસીંગ માવજીભાઈ મંડોડના સાળા વિરૂધ્ધમાં દાખલ થયેલ અપહરણના ગુનાની ફરિયાદ પાછી ખેંચી લેવા તેમજ પોલીસને પૈસા આપવાનું બહાનું કરી આગાવાડાના કાળીયાભા ઉર્ફે જુવાનસિંગ માવજીભાઈ મંડોડ પાસે ગત તા. ૩૦-૩-૨૦૨૩ના રોજ સવારે રૂા. ૭૦ હજારની માંગણી કરી હતી પરંતુ કાળીયાભાઈ ઉર્ફે જુવાનસીંગે આટલી મોટી રકમની માંગણી સંતોષવાની ના પાડી દેતા ભારે રકઝકના અંતે વડબારા ગામના બદરીભાઈ જોખાભાઈ બારીયાએ આગાવાડા ગામના કાળીયાભાઈ ઉર્ફે જુવાનસીંગ મંડોડ પાસેથી બળજબરી પૂર્વક રૂા. ૪૦ હજાર કઢાવી લઈ છેતરપીંડી ઠગાઈ કરી હતી. આ રૂપિયા ૪૦ હજાર પરત લેવા માટે કાળીયાભાઈ મંડોડ ઘણા પ્રયાસો કરી જોયા પરંતુ બદરીભાઈ જોખાભાઈ બારીયાએ પૈસા પરત ન આપતા આગાવાડા ગામના નવા ફળિયામાં રહેતા અને છેતરપીંડી અને ઠગાઈનો ભોગ બનેલ કાળીયાભાઈ મંડોડ કતવારા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા કતવારા પોલીસે આ સંદર્ભે વડબારા ગામના બદરીભાઈ જોખાભાઈ બારીયા વિરૂધ્ધ ઈપિકો કલમ ૪૧૭, ૪૨૦, ૩૮૪ મુજબ છેતરપીડીં ઠગાઈનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ફતેપુરાથી ઝાલોદ જતા માર્ગ ઉપર ઢઢેલા ગામે ડમ્પર પલ્ટી જતાં કંડકટરનું દબાઈ જતાં મોત

દાહોદ,

દાહોદ જીલ્લાના ફતેપુરાથી ઝાલોદ તરફ જતાં ઢઢેલા ગામે પાક્કા ડામર રોડ પર ગતરાતે પુરપાટ દોડી આવતું ડંફર ચાલકની હગફલતને કારણે રોડ પર પલ્ટી ખાઈ જતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ડંફરમાં બેઠેલ કંડકટર(ઉ.વ.૨૩) ડંફરની નીચે દબાઈ જતાં ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ મોત નિપજ્યાનું જાણળા મળ્યું છે.

ઝાલોદ તાલુકાના કુણી ગામના નિશાળ ફળિયામાં રહેતા કનુભાઈ સોમાભાઈ ભુરીયા તેના કબજાનું રેતી ભરેલ જીજે-૦૬-એક્સએક્સ-૯૨૬૧ નંબરનું ડફર પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ જઈ રહ્યા હતા. તે દરમ્યાન ડંફરની વધુ પડતી ઝડપ અને ચાલક કનુભાઈ ભુરીયાની ગફલતને કારણે ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવી દેતા ઢઢેલા ગામે પાકક્કા ડામર રોડ પર ડંફર ગાડી પલ્ટી ખાઈ જતાં ગાડીમાં બેઠેલ કુણી ગામના નિશાળ ફળિયાનો ૨૩ વર્ષીય સુનીલભાઈ સીકલાભાઈ ભુરીયા નામનો કંડકટર ડંફરની નીચે દબાઈ જતાં તેને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર જીવલેણ જાઓ થતાં તેને સારવાર માટે ૧૦૮ મારફતે ફતેપુરા સરકારી દવાખાને તાબડતોબ લઈ જવામાં આવ્યો હતો. જયાં ફરજ પરના તબીબે તપાસી મરણ ગયેલ જાહેર ર્ક્યો હતો.

આ સંબંધે નાની કુણી ગામના નિશાળ ફળિયામાં રહેતા ૪૮ વર્ષીય સીકલાભાઈ ગજીયાભાઈ ભુરીયાએ નોંધાવેલ ફરિયાદને આધારે ફતેપુરા પોલીસે ડંફર ગાડીના ચાલક કનુભાઈ સોમાભાઈ ભુરિયા વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## બાગાયતી આઈ ખેડુત ઓનલાઈન અરજીઓ તા.૩૦ જૂન સુધીમાં જમા કરાવી શકાશે

દાહોદ,

નાયબ બાગાયત નિયામક ની કચેરીના જણાવ્યા અનુસાર વર્ષ ૨૦૨૩-૨૪ માટે બાગયતી સહાયતાલક્ષી યોજનાઓમાં લાભ લેવા માટે આઈ-ખેડુત પોટલ તા.૨૨/૦૪/૨૦૨૩ થી ૩૧/૦૫/૨૦૨૩ સુધી ખુલ્લુ મૂકવામાં આવેલ હતું. જે અન્વયે અરજદાર ખેડૂતો દ્વારા ઓનલાઈન અરજીઓ સાથે જરૂરી આધરકાર્ડ, બેન્ક પાસબુક, ૮-અ, ૭ અને ૧૨ નો તાજેતરનો ઉતારો, સક્ષમ અધિકારીનો જાતિનો દાખલો(અનુ સુચિત જાતિ અને અનુ સુચિત જનજાતિ માટે) જેવા સાધનિક કાગળો સાથે નાયબ બાગાયત નિયામકની કચેરી રૂમ નંબર ૨૩૩-૨૩૫,જીલ્લા સેવાસદન દાહોદ ટેલિફોન નં ૦૨૬૭૩-૨૩૯૨૫૧ ખાતે સત્વરે રૂબરૂ કે ટપાલ દ્વારા તા.૩૦ જૂન ૨૦૨૩ સુધી મોકલી આપવા જેથી વેહલા તે પેહલાના ધોરણે ગ્રાન્ટની મર્યાદામાં પૂર્વ મંજુરી આપવાની આગળની કાર્યવાહી ત્વરિત કરી શકાય તેમ નાયબ બાગાયત નિયામકની કચેરી દાહોદ દ્વારા જણાવ્યું છે.

## લીમડી બજારમાં સામાન ખરીદી બાઈક ઉપર જતી વખતે પત્નીના હાથમાં રાખેલ થેલીમાં પવન ભરાતા પડી જતાં મોત

દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદના લીમડી ગામના બજારમાં ઘરનો જરૂરી સામાન ખરીદી પોતાની પત્ની સાથે મોટર સાયકલ પર પરત ઘરે જઈ રહેલા ખરવાણી ગામના આધેડની પ્લાસ્ટીકની ડોલો લઈ મોટર સાયકલ પર પાછળ બેઠેલ પત્ની વાવાઝોડાનો પવન પ્લાસ્ટીકની ડોલમાં ભરાવાથી અકસ્માતે ગાડી પરથી પડી જતાં માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થતાં તેનું મોત નિપજ્યાનું જાણવા મળ્યું છે.

ઝાલોદના ખરવાણી ગામના ૪૮ વર્ષીય તુરસીંગભાઈ માનીયાભાઈ બારીયા તથા તેની પત્ની શાંતાબેન મોટર સાયકલ પર લીમડી બજારમાં ઘરવખરીનો સરસામાનની ખરીદી માટે ગયા હતા અને બપોરના સમયે ખરીદી કરી મોટર સાયકલ પર પરત ઘરે આનવી રહ્યા હતા. તે વખતે કુણી ગામે રોડ પર હતા તે વખતે વાવાઝોડું ફુંકાયું હતું અને મોટર સાયકલ પર પાછળ પ્લાસ્ટીકની ડોલો લઈ બેઠેલ શાંતાબેનના હાથમાની ડોલોમાં વાવાઝોડાનો પવન ભરાઈ જતાં શાંતાબેન મોટર સાયકલ નીચે રોડ પર પટકાતાં તેને માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થતાં તેનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. આ સંબંધે લીમડી પોલીસે સી.આર.પી.સી. ૧૭૪ મુજબ અક્સ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.252

# હાલોલમાં વડોદરા-ગોધરા તરફ નવા બનાવાયેલા રોડના સેમ્પલ લેવાની કામગીરી કરાઈ



હાલોલ,

હાલોલ નગરના વડોદરા-ગોધરા તરફ બનાવવામાં આવેલા નવા ડામર રોડની કામગીરી કોન્ટ્રાક્ટર દ્વારા પૂરી કરી દેવામાં આવતા માર્ગ અને મકાન વિભાગ તથા ક્વોલિટી કંટ્રોલ વિભાગ દ્વારા આજે રોડના સેમ્પલ લેવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. નવજીવન હોટલથી હાલોલ અને હાલોલથી વડોદરા તરફના માર્ગ ઉપર અલગ અલગ જગ્યાએથી રોડના સેમ્પલ લેવામાં આવ્યા હતા અને અધિકારીઓ દ્વારા રોડની કામગીરી અંગે ચકાસણી હાથ ધરવામાં આવી હતી. હાલોલ નગરજનો ઉબડખાબડ રસ્તાના ત્રાસમાંથી મુકિત અપાવવા શહેરના ગોધરા અને વડોદરા તરફના માર્ગોને નવા બનાવવાની કામગીરી માર્ગ મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી હતી. ઈજારદારે બે મહિના કામ અધૂરું મૂકી દેતા ખોરંભે ચડેલું આ રોડનું કામ ફરી શરૂ થતાં નગરજનોએ ચોમાસા પહેલા આ રોડની કામગીરી પૂર્ણ થઈ જશે તેની રાહત અનુભવી હતી. ઈજારદાર દ્વારા આ માર્ગની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવતા આજે માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ સાથે રાખી ક્વોલિટી કંટ્રોલ વિભાગના અધિકારીઓએ હાલોલથી વડોદરા તરફના અને હાલોલથી ગોધરા તરફના માર્ગો ઉપરથી અલગ અલગ જગ્યાઓ પરથી રોડ ઉપરથી બોક્સ કટીંગ કરીને રોડની કામગીરી અને ગુણવત્તા અંગે ચકાસણી હાથ ધરી હતી. કંજરી ચોકડી પાસે બપોરે માર્ગ અને મકાન વિભાગ તથા ક્વોલિટી કંટ્રોલના અધિકારીઓ દ્વારા સેમ્પલ લેવાની કામગીરી હાથ ધરવામાં આવતા એક તરફનો માર્ગ સરકારી વાહનો મૂકી બંધ કરી દેવામાં આવ્યો હતો. જેને કારણે એક તરફના ટ્રેક ઉપર ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ હતી. જોકે, હાલોલ ટાઉન પીઆઈ ચૌધરી કેટલાક પોલીસ કર્મચારીઓ સાથે હાજર રહી ટ્રાફિક વ્યવસ્થા સંભાળી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલોલ શહેરના મુખ્ય માર્ગો અને આંતરિક માર્ગો સાથે સોસાયટીઓના માર્ગો પણ ભૂગર્ભ ગટર યોજનાની કરવામાં આવેલી કામગીરીને કારણે ખોદી નાખવામાં આવ્યા હતા. છેલ્લા ત્રણ વર્ષથી ભૂગર્ભ ગટર યોજનાની કામગીરીને કારણે ખોદી નાખવામાં આવેલા રોડને કારણે લોકો અનેક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હતા. ત્રણ વર્ષ ઉબડખાબડ રસ્તાઓનો ત્રાસ સહન કર્યા પછી ગોધરા અને વડોદરા તરફના રોડ નવા બનાવી દેવામાં આવ્યા છે. ત્યારે પાવાગઢ તરફનો માર્ગ પર નવો બનાવવામાં આવે તેવું લોકો ઈચ્છી રહ્યા છે.


# વાવાઝોડાની અસરથી પંચમહાલના વાતાવરણમાં પલટા સાથે વરસાદ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

ગોધરા,

ગુજરાતના અરબસાગરમાં ઉભું થયેલુ ભયાનક બિપોરજોય વાવાઝોડુ ધીમે ધીમે ગુજરાતની સરહદ પર આગળ વધી રહ્યુ છે. સૌરાષ્ટ્રના અનેક જીલ્લાઓને તેની સીધી અસર થવાની છે. ત્યારે પંચમહાલ જીલ્લામાં આ પણ તેની અસરના ભાગરૂપે વાતાવરણમાં પલટો આવ્યો હતો અને તેની સીધી અસર જોવા મળી હતી. પંચમહાલના જીલ્લાનામાં બપોરના સમયે એકાએક પલટા બાદ વરસાદી માહોલ સર્જાયો હતો. જેમા શહેરાનગર અને ગ્રામીણ વિસ્તારોમા વરસાદ પડ્યો હતો. જેના પગલે વરસાદી માહોલ સર્જાતા ઠડક પ્રસરી હતી. અરબ સાગરમાં ઉભા થયેલા બિપોરજોય વાવાઝોડાના પગલે સમગ્ર રાજ્યમાં વરસાદી માહોલ સર્જાયો છે. મધ્ય ગુજરાતના પંચમહાલ જીલ્લાના વિવિધ તાલુકાઓમાં પણ વાવાઝોડાના અસરના કારણે બુધવારના રોજ એકાએક પલટો આવ્યો હતો. જેના પગલે પંચમહાલ જીલ્લામાં વરસાદી માહોલ સર્જાતા ઠંડક પ્રસરી હતી. વરસાદને પગલે પાછલા કેટલાક દિવસોથી પડી રહેલી અસહ્ય ગરમીથી રાહત મળી હતી.

# ગોધરા LCB પોલીસે બાતમીના આધારે ચોરીના મોબાઈલ ફોન વેચવા ફરતા બે ઈસમોને ઝડપ્યા



ગોધરા,

ગોધરા એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, બે ઈસમો કોઈક જગ્યાએથી મોબાઈલ ફોન ચોરી લાવી વેચવા ફરે છે. તેવી બાતમીના આધારે બે ઈસમોને ત્રણ મોબાઈલ ફોન સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા એલ.સી.બી.પોલીસને બાતમી મળી હતી કે, ઈકરામ ઉર્ફે ઝુકરી ઈમામુદ્દીન સૈયદ (રહે. ગેની પ્લોટ, ઉમર મસ્જીદ પાછળ) તથા ઈસ્માઈલ મહોમદ બોડી ઉર્ફે ઈસ્માઈલ છાવો (રહે. મુસ્લીમ સી સોસાયટી) કોઈક જગ્યાએથી મોબાઈલ ફોન ચોરી લાવી વેચવા ફરે છે. તેવી બાતમીના આધારે બન્ને ઈસમોને ઝડપી પાડી ઈસમો પાસેથી મોટોરાલા કંપની મોબાઈલ, ઓપો કંપનીના મોબાઈલ, ઓપો કંપનીના મોબાઈલ ફોન મળી ત્રણ મોબાઈલ ફોન કિંમત ૩૫,૯૦૦/-રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો. બન્ને ઈસમોની પુછપરછ દરમિયાન મોટોરોલા મોબાઈલ ગોધરા એસ.ટી.બસ સ્ટેન્ડ માંથી ચોરી કરેલ ઓપો એફ-૧૭ મોબાઈલ દશ મહિના પહેલા આણંદ બસ ડેપો ખાતેથી તેમજ ઓપો કંપનીના એ-૫૩ એસ મોબાઈલ પાવાગઢ બસ ડેપો માંથી ચોરી કર્યાની કબુલાત કરતાં ગોધરા એલ.સી.બી.પોલીસે ત્રણ પોલીસ મથકના મોબાઈલ ચોરીના ગુન્હા અનડીટેકટ કર્યા.

# ગુણેશિયા પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશ મહોત્સવ અને કન્યાકાળની ઉત્સવ-૨૦૨૩ ની ઉજવણી કરતા પંચમહાલ કલેક્ટર



ઘોઘંબા,

ઘોઘંબા તાલુકામાં આવેલ ગુણેશિયા પ્રાથમિક શાળામાં ચાલું શૈક્ષણિક સત્રના આરંભે શાળા પ્રવેશ મહોત્સવની ઉજવણી કરવામાં આવી. જેમાં મુખ્ય મહેમાન તરીકે પંચમહાલ જિલ્લા કલેકટર આશિષકુમાર હાજર રહ્યા હતા અને તેઓના હસ્તે ૨૦ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવશે તો જ સમાજનું સાચું ઘડતર થશે અને રાષ્ટ્રનો વિકાસ થશે. સમગ્ર ગ્રામજનો, સરપંચ, શાળા પરિવાર અને એસ.એમ.સી.ના સભ્યો દ્વારા કાર્યક્રમને સફળ બનાવવાના પ્રયત્નો કર્યા હતા. પ્રવેશોત્સવ રૂટના લાયઝન અધિકારી તરીકે તન્મયભાઈ ચૌહાણ દ્વારા સુંદર માર્ગદર્શન આપી અને કાર્યક્રમને શુભ આશીર્વાદ આપ્યા હતા.

# શહેરાના ધમાઈ ગામે આડા સંબંધોથી છોકરીના લગ્ન થતાં નથી તેમ કહી યુવકને મારમારી બાઈક સળગાવી દેતાં ફરિયાદ

શહેરા,

શહેરા તાલુકાના ધમાઈ ગામે આરોપીઓ તું અમારી છોકરી સાથે આડા સંબંધ રાખે છે. તેથી લગ્ન થતાં નથી તેમ કહી લાકડીઓ મારમારી બાઈકને સળગાવી દઈ તેને પણ મારી નાખવાની ધમકી આપી ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના ધમાઈ ગામે રહેતા આરોપીઓ અરવિંદભાઈ પટેલ, અજયભાઈ પટેલ, સચિનભાઈ પટેલ, ગણપતભાઈ પટેલ એ મહેશભાઈ દલપતભાઈ પગીને તું મારી છોકરી સાથે આડા સંબંધ રાખેલ છે. જેથી લગ્ન થતા નથી. તેમ કહી લાકડી વડે મારમાર્યો હતો અને બાઈકને પેટ્રોલ છાંટી સળગાવી દીધી હતી અને મહેશને પણ પેટ્રોલ છાંટી સળગાવી દેવાની ધમકી આપતાં આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

# ગોધરા શહેરા ભાગોળ અંડર બ્રીજ બાંધકામ સાઈડ ઉપર ચોકીદારને બાંધી ૪ ઈસમો રૂા.૩૩,૫૦૦ સ્ટીલના સળીયાની લુંટ કરી

ગોધરા,

ગોધરા શહેર શહેરા ભાગોળ ફાટક પાસે અંડર બ્રીજના બાંધકામ સાઈડ પરથી ચોકીદારને મોઢું બાંધી દઈ ચપ્પુ બતાવી ચાર ઈસમો દ્વારા સ્ટીલના સળીયા, બાઈન્ડીંગના તાર મળી ૩૩,૫૦૦/-રૂપીયાનો મુદ્દામાલની લુંટ કર્યાની ફરિયાદ એ ડીવીઝન પોલીસ મથકે નોંધાઈ. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શહેર ભાગોળ ફાટક પાસે અંડર બ્રીજના બાંધકામ સાઈડ પર ચોકીદાર તરીકે નોકરી કરતાં રમેશભાઈ બાબરભાઈ ભોઈને ખાડી ફળીયા તરફથી મોઢા ઉપર રૂમાલ બાંધીને આવેલ ચાર ઈસમોએ ચોકીદારને ધક્કો મારી પાડી દઈ ચપ્પુ બતાવી મોઢું રૂમાલથી બાંધી દઈને બાંધકામ સાઈડ ઉપરથી ૨૫ એમ.એમ.ના નંગ-૨૫ સળીયા, ૧૬ એમ.એમ.ના નંગ-૩૨, ૧૬ એમ.એમ.ના નંગ-૨૭ બાઈન્ડીંગ તાર ૫૦ કિલો ગ્રામ મળી કુલ ૩૩,૫૦૦/-રૂપીયાના મુદ્દામાલની લુંટ કરી જતાં આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

